# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2557 ❖ પોષ પૂર્ણિમા ❖ 16 જાન્યુઆરી 2014 ❖ વર્ષ – 14 ❖ અંક – 10 ❖ સળંગ અંક - 166


## ધમ્મવાણી

सब्बे धम्मा अनत्ता'ति, यदा पञ्ञाय पस्सति ।
अथ निब्बिन्दति दुक्खे, एस मग्गो विसुद्धिया ।।
धम्मपद २०/९

નામ રૂપનું અને તેની પરે નિર્વાણનું આખું ક્ષેત્ર 'હું' 'મારું' અને 'મારો આત્મા'થી શૂન્ય છે. જ્યારે આ સચ્ચાઇને અનુભવજન્ય પ્રજ્ઞા દ્વારા જોઇને જાણી લે છે તો નામ રૂપના સકળ દુઃખક્ષેત્ર પ્રતિ નિર્વેદ પ્રાપ્ત થાય છે એટલે કે તેના પ્રત્યેનો ભોક્તાભાવ ટૂટે છે. આ જ વિશુદ્ધિનો માર્ગ છે.

## ધર્મ અને વિજ્ઞાન - ૨ (પ્રો. પી. એલ ધર)

## વિજ્ઞાન અને ભૌતિકવાદ

**(ગતાંકથી શરૂ)**

આ એક ઐતિહાસિક સત્ય છે કે પુનર્જાગરણ બાદ ભૌતિકવાદના પ્રસારમાં વિજ્ઞાનની પ્રગતિનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. ભૌતિકવાદ એક એવુ દર્શન છે જેમાં ભૌતિક પદાર્થને જ વાસ્તવિક સત્ય માનવામાં આવે છે. ઓગણીસમી સદી સુધી વિજ્ઞાને એટલી પ્રગતિ કરી લીધી હતી કે ગ્રહોની સ્થિતિથી માંડીને સમુદ્રમાં ઊઠતાં મોજાં સુધી સમસ્ત ઘટનાઓને હવે 'પ્રકૃતિના નિયમો' ના આધારે સારી રીતે સમજી શકતી હતી. આ બધામાં કોઇ મહાન પરમ શક્તિના યોગદાનની કોઇ આવશ્યક્તા નહોતી. ત્યાં સુધી કે સમસ્ત પ્રાણીઓનો ઉદ્‌ગમ પણ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના આધારે સમજાવાયો. ડાર્વિનના આ સિદ્ધાંતને જ આગળ વધારીને એવું દેખાડયું કે સરળતમ એકકોશીય જીવ (ફ્રોટો પ્લાઝમા) અનુકૂળ પરિસ્થિતિઓમાં નિર્જીવ પદાર્થો જેવા કે નાઇટ્રોજન અને કાર્બનના સંયોગથી ઉત્પન્ન થઇ શકે છે. આદિકાળથી આ જગતની ઉત્પત્તિના કારક સૃષ્ટિ રચયિતાની આવશ્યકતા જ ઇશ્વર પરના વિશ્વાસનો મુખ્ય આધારસ્તંભ રહ્યો છે તેને આ શોધખોળે હલાવી નાખ્યો. જીવનની ચેતના અને ચિત્તની વિચારધારાને પણ મસ્તિષ્કના 'કોટેક્ષ' નામના હિસ્સામાં રહેલી ગૈંગલિઓનિક કોશિકાઓના આધારે સમજાવાયું. પાછલી સદીના વૈજ્ઞાનિક એ વાત પર અટલ હતા કે બ્રહ્માંડની હરેક ઘટનાને થોડાંક તત્ત્વો અને બળની જાણકારીના આધારે સમજાવી શકાય છે. તેથી એમાં કશું આશ્ચર્ય નથી કે સાધારણ માણસને માટે ભૌતિકવાદ અને બુદ્ધિની અસીમ ક્ષમતામાં વિશ્વાસ તે વૈજ્ઞાનિક દષ્ટિકોણનો પર્યાય બની ગયો. બીજી કોઇ પણ વાત જે, 'બુદ્ધિની પરે' ની અવસ્થાને ઇંગિત કરતી હોય તે અવૈજ્ઞાનિક મનાવા લાગી.

છેલ્લા કેટલાક દસકાઓથી આ પરિસ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. સાપેક્ષાવાદના સિદ્ધાંત તથા કવોન્ટમ ભૌતિકની પ્રગતિ બાદ પ્રકૃતિના બારામાં વૈજ્ઞાનિક દષ્ટિકોણમાં બહુ પરિવર્તન આવ્યું છે. છેલ્લા બે દાયકામાં આ વિષય પર કેટલાંય બહુશ્રુત પુસ્તકો પણ લખાયાં છે. અત્રે આપણે એમાંના કેટલાક મુદ્દાઓ પર ચર્ચા કરીશું જેનો આપણા વિષયવસ્તુ સાથે સીધો સંબંધ છે.

### વિજ્ઞાનની નવી વિચારધારા

વૈજ્ઞાનિકોએ વાત ખોળી કાઢવા માટે કેટલીયે શોધખોળ કરી કે પદાર્થ અંતે કઇ ચીજનો બનેલો છે અને આ જ શોધખોળો દ્વારા પદાર્થના દરેક હિસ્સામાં રહેલા અત્યંત સૂક્ષ્મ કણ જેવા કે ઇલેક્ટ્રોન, પ્રોટોન, ન્યુટ્રોન, આદિ ખોળી કાઢ્યા જેને 'મૂળકણ' પણ કહે છે. તો એક ચિત્ર એ સામે આવ્યું કે દરેક પદાર્થ અત્યંત નાના–નાના પરમાણુ કણો મળીને બનેલો છે તથા આ આધારભૂત કણો આ પ્રત્યેક પરમાણુમાં એક વિશિષ્ટ સંરચનામાં રહે છે. આ સંરચના ગ્રહોના સૌર–તંત્ર સમાન જાણવા મળી. જે રીતે ગ્રહો સૂર્યની આસપાસ ચક્કર ફરે છે, તે જ રીતે પરમાણુમાં એક કેન્દ્ર (ન્યુટ્રોન અને પ્રોટોનનો બનેલો કણ જે પરમાણુના મધ્યભાગે સ્થિત રહે છે) ની ચારે કોર ઇલેક્ટ્રોન અત્યંત તીવ્ર ગતિથી ચક્કર મારે છે. પરમાણુનો તે સિવાયનો અધિકાંશ હિસ્સો શૂન્ય અથવા ખાલી સ્થાન જ હોય છે. શરૂઆતમાં તો આ કણોને પદાર્થ કણો જેવા જ માન્યા, જો કે આકારમાં સૂક્ષ્મ હતા. ઘરમાં પ્રવેશેલા સૂર્ય કિરણોમાં દેખાય છે તેવા ટચુકડા રજકણો જેવા દેખાતા હતા. પરંતુ બાદમાં થયેલી શોધખોળોએ એકદમ ભિન્ન ચિત્ર પ્રસ્તુત કર્યુ છે. આ કણો પર કરાએલા પ્રયોગોથી જાણવા મળે છે કે એ ઉર્જામાં પરિવર્તિત થઇ જાય છે એટલું જ નથી, બલ્કે ઉર્જા થકી જ ઉત્પન્ન પણ થઇ શકે છે. આઇન્સ્ટાઇનના દ્રવ્યમાન ઉર્જાસંબંધના સિદ્ધાંતથી પણ આ જ વાત પ્રતિપાદિત થાય છે. હવે, ઉર્જા તો એક ગતિશીલ જથ્થો છે જે સક્રિયતા અથવા કોઇ પ્રક્રિયાથી જ સંબંધિત હોય છે, તેનો અર્થ એ કે કણને પણ એક ગતિશીલ (પેટર્ન) રચનાની માફક જ સમજવો પડશે, એક એવી પ્રક્રિયા જેમાં ઉર્જા 'કણ' ના દ્રવ્યમાન સ્વરૂપમાં પ્રગટ થાય છે. પદાર્થનું આ સ્વરૂપ આપણી સામાન્ય ધારણાથી બિલકુલ ભિન્ન છે જેમાં આપણે પદાર્થના દ્રવ્યમાનને (તેની પોતાની અંદર જ) અંતર્નિહિત હોવાનું માનીએ છીએ તો બીજી બાજુ આ વાત આપણા પ્રાચીન સંતો અને મહાપુરુષોની વાણી સાથે પૂર્ણ રીતે મેળ ખાય છે. તે અનુસાર ''અહીં કોઇ પણ કર્તા નથી માત્ર કર્મ છે.... માર્ગ તો છે પરંતુ કોઇ પથિક નથી.''

એવું લાગે છે કે આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદને પૂર્ણ રીતે સમજવામાં વૈજ્ઞાનિકોને પણ હજુ કેટલાયે વર્ષ લાગશે. આ સિદ્ધાંતના સંદર્ભમાં, ''સ્થળ અને કાળ તો છાયા માત્ર છે જે સ્વતંત્ર નિરપેક્ષ દિક્કાળ સાંતત્યકની વાસ્તવિક્તા ના પ્રક્ષેપણથી ઉત્પન્ન થાય છે'' એવા મિન્કોવાસ્કીના કથનને હજુ સુધી બરાબર સમજી શકાયું નથી કેમકે આપણે આપણી ઇન્દ્રિયો દ્વારા આ 'દિક્કાળ સાંતત્યક' નો અનુભવ કરી શકતાં નથી. આથી સ્પષ્ટ છે કે આ જગતની વાસ્તવિક્તાના બારામાં ઇન્દ્રિયગ્રાહ્ય નિરપેક્ષ સમષ્ટિ તથા નિરપેક્ષ કાળ પર આધારિત આપણો અભિગમ ઠીક નથી. બરાબર એ જ રીતે

જેમ પ્લેટોના 'રિપબ્લિક' માં અંધારી ગુફાના કેદીઓનો દૃષ્ટિકોણ હતો, જેમણે દીવાલો પર પોતાના પડછાયા સિવાય કશું જોયુ નહોતું અને એ પડછાયાને જ વાસ્તવિક સમજતા હતા.

આ સ્વતંત્ર, પરમ સત્યના દર્શનને માટે આપણે નિશ્ચિત રૂપે ઇન્દ્રિયોથી પરે જવું પડશે, માયા રૂપી આ ભ્રમજાળમાંથી બહાર આવવું પડશે તથા જેમ ભૌતિકશાસ્ત્રી ફ્રિજોફ કાપરાએ સ્વામી વિવેકાનંદજીને ઉદ્ધૃત કરતાં કહ્યું તેમ : ''સપેક્ષવાદનું આ નિરપેક્ષ(એબ્સોલ્યુટ) બીજું કશું જ નથી બલ્કે મહાન સંતો દ્વારા અનુભૂત નિત્ય, શાશ્વત પરમ સત્ય જ છે, કેમકે સમય, સ્થળ અને નિમિત્ત એક એવો પારદર્શક કાચ છે જેની પરે આ પરમ સત્યનાં દર્શન કરી શકાય છે. આ પરમ સત્ય અપરિવર્તનશીલ તથા ધ્રુવ છે જ્યાં સ્થળ–કાળ–નિમિત્ત કશું જ નથી.'' આ અવધારણાથી પ્રાચીન મહાપુરુષો અને સંતો દ્વારા ઉદ્ધૃત સત્યને એક ''વૈજ્ઞાનિક આધાર'' મળ્યો છે જેની વર્તમાન યુગમાં અત્યધિક આવશ્યક્તા હતી, કેમકે ઓગણીસમી સદી સુધી વિજ્ઞાન ઇન્દ્રિયાતીત જ્ઞાનની વાતને માત્ર અંધશ્રદ્ધા જ માનતું હતું.

પરંપરાગત ધારણાઓના આધારે નથી સમજી શકાઇ એવી આ મૂળ કણોની અન્ય વિશેષતા એ છે કે આ કણ ભિન્ન પ્રાયોગિક પરિસ્થિતિઓમાં કદિક તરંગરૂપે તો કદિક કણ રૂપે વ્યવહાર કરે છે. લાગે છે એવું કે આ કણોના કોઇ અંતર્નિહિત સ્વભાવ છે જ નહિ જેને કોઇ જિજ્ઞાસુ વૈજ્ઞાનિક દ્વારા ખોલી શકાય. વૈજ્ઞાનિક કાપરાના શબ્દોમાંઃ ''ઇલેક્ટ્રોનના ગુણધર્મો જાણવાને માટે પ્રયોગ કેવો કરાય છે તેના પર પરિણામ નિર્ભર કરે છે. એક જાતના પ્રયોગમાં આ તરંગની જેમ વ્યવહાર કરે છે તો અન્ય જાતના પ્રયોગમાં કણ જેવો દેખાય છે. આથી કહી શકાય કે ઇલેક્ટ્રોનની એવી કોઇ અંતર્નિહિત પ્રકૃતિ નથી જે મારા મનથી સ્વતંત્ર હોય.'' સર જેમ્સ જીન્સના શબ્દોમાં ''બ્રહ્માંડ'' એક અત્યંત વિશાળ મશીનની માફક ન દેખાતાં એક બહુ વિશાળ વિચારધારાના રૂપમાં દેખાય છે. પદાર્થ–જગતમાં મન એક અપવાદ નહિ પરંતુ તેનો સ્રષ્ટા અને સંચાલક પ્રતીત થાય છે. આ મન તે આપણું વ્યક્તિગત મન નથી પરંતુ એક એવું મન છે જેમાં પરમાણુઓ વિચારની માફક રહે છે, જે પરમાણુમાંથી આપણા વ્યક્તિગત માનસ ઉત્પન્ન થયા છે ''આ વિચારોથી એટલું સ્પષ્ટ છે કે પરમ સત્યની ખોજ માટે ચિત્તના અત્યંત સૂક્ષ્મ સ્તરે કામ કરવું આવશ્યક છે. હવે તો વિજ્ઞાન પણ એ નિષ્કર્ષ પર પહોંચતું જણાય છે કે પરમ સત્યની ખોજ બાહ્ય જગતમાં નહિ અપિતુ અંતર્જગતમાં કરવી પડશે, જે ધર્મ પ્રતિપાદન કરનારા સંતો હંમેશાં કહેતા આવ્યા છે.

ઉપરોક્ત વર્ણનથી એ પણ સ્પષ્ટ છે કે આ મૂળ કણોનું આપણે ભૌતિક કે માનસિક ચિત્રણ કરી શકીએ નહિ, કેમકે ઇન્દ્રિયોના આધાર પર તો આપણે કાં તો કણ–ગતિનો, જેમાં આ કણ સુનિશ્ચિત, પક્ષેપ પથ પર ચાલે છે તેનો અથવા તો તરંગ ગતિનો, જેમાં કેવળ માધ્યમ જ ગતિમાન હોય છે તેનો અનુભવ કરી શકીએ છીએ. કણ–ગતિ તથા તરંગ–ગતિને જોઇ શકવી સંભવ નથી. કવોન્ટમ થિયરીનો પૂરકતાવાદનો સિદ્ધાંત આ વાસ્તવિક્તાનો આધાર છે. મહાન વૈજ્ઞાનિક નીલ્સ બોહર દ્વારા પ્રતિપાદિત આ સિદ્ધાંત અનુસાર'' સૂક્ષ્મ મૂળ કણો સાથે થયેલા કોઇપણ પ્રયોગમાં આપણને આ કણોની અંતર્નિહિત પ્રકૃતિના બારામાં જાણકારી થતી નથી; પરંતુ એ ગુણધર્મ જાણવા મળે છે જે આ કણોને માપવા માટે (ઉત્પન્ન કરેલી) વિશેષ પરિસ્થિતિ કે (બનાવવામાં આવેલાં ) ઉપકરણો પર નિર્ભર હોય છે

આથી કોઇ એક પ્રાયોગિક પરિસ્થિતિમાં ઉપલબ્ધ પરિણામોને કોઇ અન્ય પ્રાયોગિક પરિસ્થિતિમાં પ્રાપ્ત પરિણામોનાં પૂરક જ સમજવાં જોઇએ. આ રીતે ભિન્ન–ભિન્ન પ્રાયોગિક પરિસ્થિતિઓમાં પ્રાપ્ત પરિણામોને એક જ વાસ્તવિકતાના પૂરક વિભિન્ન પાસાં સમજીને જ આપણે કોઇ વસ્તુને સમજવાનો પ્રયાસ કરી શકીએ.

આ સિદ્ધાંતના અત્યંત ગહન સામાજિક અને દાર્શનિક નિષ્કર્ષ તારવી શકાય છે. આ સિદ્ધાંત આપણા મહાન સંતોની પ્રજ્ઞાવાન વાણીને પુષ્ટિ આપે છે કે ઇન્દ્રિયો દ્વારા સચ્ચાઇ જાણવાની આપણી કોશિશ હાથીના વિભિન્ન અંગોને અડકીને જાણવાનો પ્રયાસ કરનારા પેલા પાંચ જન્માંધ માણસો જેવી છે. આ રીતે પ્રાપ્ત કરાએલું જ્ઞાન સત્યના ભિન્ન–ભિન્ન પાસાંને તો પ્રગટ કરી શકે પણ પૂર્ણ સત્યને ઉજાગર કરી શકે નહી. સ્પષ્ટ છે કે પૂર્ણ સત્યની જાણકારીને માટે સંતો દ્વારા બતાવાએલા અપરોક્ષાનુભૂતિ કે આત્માનુભૂતિના માર્ગ પર ચાલવું નિતાંત આવશ્યક છે.

સામાજિક સ્તરે આ સિદ્ધાંત ઇંગિત કરે છે કે ઉપર–ઉપરથી પરસ્પર વિરોધી દેખાતી વાતો વાસ્તવમાં તો એક જ સત્યના ભિન્ન ભિન્ન પાસાં હોઇ શકે છે; તથા શાણપણ એમાં છે કે આપણે તેમને એક બીજાની પૂરક સમજીએ. આધુનિક યુગમાં જ્યાં બાહ્ય પ્રતીતિને લઇને જ અંતહીન સંઘર્ષ, ઝઘડા તથા પરસ્પર દુર્ભાવ વધી રહ્યો છે ત્યાં સંપૂરક્તાનો સિદ્ધાંત પરસ્પર સદ્ભાવ, ભાઇચારો અને મૈત્રીનો સંદેશ આપે છે. નીલ્સ બોહરની હાર્દિક ઇચ્છા હતી કે આ સિદ્ધાંત બાળકોને શાળામાં જ ભણાવાય જેથી તેઓ સદ્ભાવપૂર્ણ વિશ્વના નિર્માણમાં સહાયક બની શકે.

વિજ્ઞાનની અન્ય ધારાઓ જેવી કે જીવવિજ્ઞાન, મનોવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, તંત્રિકાવિજ્ઞાન ઇત્યાદિમાં થયેલા વિકાસે પણ એક નવા દૃષ્ટિકોણને જન્મ દીધો છે જે ભૌતિકવાદનો તો વિરોધ કરે છે પણ પુરાતન કાળના સંતોની વિચારધારા સાથે સંપૂર્ણરીતે મેળ ખાય છે. અતીતના સંતોની આંતર્દૃષ્ટિ દ્વારા પ્રાપ્ત જે અનેક વાતો હાલ સુધી જનસાધારણની સમજમાં નહોતી આવી શકી, તે આજે આ વૈજ્ઞાનિક તથ્યો દ્વારા સારી રીતે સમજી શકાય છે.

ઉદાહરણ તરીકે 'અનાત્મબોધ'ના પરમ સત્યને લઇએ જેની ચર્ચા પ્રાયઃ સંતોની વાણીમાં મળે છે. પરંતુ આ એક એવું મૂળ સત્ય છે જે ઇન્દ્રિય–આધારિત આપણા સામાન્ય દૃષ્ટિકોણથી સમજવું દુષ્કર છે. પરંતુ જયારે આધુનિક વૈજ્ઞાનિક આપણને એવું કહે છે કે પદાર્થ મૂળભૂત રીતે તો ઉર્જાનું જ સ્વરૂપ છે અને ઉર્જા કોઇ ''પ્રાણી'' નહિ પણ એક ગતિમાન પ્રક્રિયા છે તો અનાત્મબોધની વાત થોડી થોડી સમજમાં આવવા લાગે છે કેમકે આ નક્કર લાગતું શરીર જેને હું નિરંતર ''હું'' ''મારૂ'' કહ્યે રાખું છું, તે વ્યક્તિત્વના ભ્રમનો જનક છે.

આ જ રીતે, આધુનિક જૈવ વૈજ્ઞાનિક જણાવે છે કે માનવ શરીરના ૧૦ ની ૨૮ ઘાત ($૧૦^{૨૮}$) પરમાણુમાંથી ૯૮% પ્રતિવર્ષ પોતાની આસપાસના વાતાવરણની સાથે, અન્ય મનુષ્યો, ઝાડ–પાન, પશુઓની જ નહિ પરંતુ અન્ય સજીવ તથા નિર્જીવ પદાર્થોની સાથે બદલતાં રહે છે. આથી સ્પષ્ટ છે કે આ પોતાનામાં જ સીમિત ભિન્ન ભિન્ન દેખાતાં એકમો વાસ્તવમાં તો એક જ જીવનધારાના અંગ છે. વોલ્ટ વિટમેનનો દૃષ્ટિકોણ ''મારો હર એક પરમાણુ તારો પણ છે'' આ એક વૈજ્ઞાનિક સચ્ચાઇ છે.

અણુજીવવિજ્ઞાન આપણા વ્યક્તિત્વની ભિન્નતાને જીનોની ભિન્નતા દ્વારા સમજાવે છે પરંતુ અહીં પણ કેવળ જીનની પેટર્ન (સંરચના) તે જ રહે છે; જે હાઇડ્રોજન, કાર્બન તથા ઓક્સિજનના હજારો પરમાણુ મળીને તે બને છે તે નિરંતર બાહ્ય વાતાવરણથી બદલાતાં રહે છે. આ રીતે અણુજીવવિજ્ઞાન અનુસાર પણ આપણું અસ્તિત્વ એક અભૌતિક એકમ જ છે–નિરંતર પરિવર્તનશીલ અણુઓની માત્ર એક સંરચના (પેટર્ન) જ છે, માત્ર એક વ્યવસ્થા છે.

આની સાથે જ જો હાઇજનબર્ગના અનિશ્ચિતતાના સિદ્ધાંત દ્વારા પ્રતિપાદિત એ તથ્ય પણ જોડવામાં આવે કે કોઇ પણ સૂક્ષ્મ મૂળ કણની સ્થિતિ નિશ્ચિત રૂપે બતાવી નથી શકાતી તથા કવોન્ટમના સ્તરે સમસ્ત એકમો પરસ્પર જોડાએલાં છે; તો નિશ્ચિત રૂપે આપણે ફ્રિટજૌફ

કાપરાના એ શબ્દોને સ્વીકારવા જ પડશે કે 'ક્વોન્ટમ ક્ષેત્ર' જ એક આધારભૂત એકમ છે, એક સર્વવ્યાપી સતત માધ્યમ છે. એ ક્ષેત્રમાં કણ સ્થાનિક સંઘનનને કારણે પ્રગટ થાય છે. આ સાંદ્રતા નિરંતર બદલાતી રહે છે અને તેથી આ કણ પોતાનું અસ્તિત્વ ખોઇને સર્વવ્યાપી ક્ષેત્રમાં વિલીન થઇ જાય છે. સ્પષ્ટ છે, આ ક્વોન્ટમ ક્ષેત્ર એક અવૈયક્તિક સત્ય છે, ઇન્દ્રિયાતીત પરમ સત્યનું નિકટતમ પ્રતીક છે. આ જ ક્વોન્ટમ ક્ષેત્રનો ઉપસમુચ્ચય (ગૌણ જથ્થો) વિદ્યુત ચુંબકીય ક્ષેત્ર છે જેના દ્વારા દરેક ઘરમાં ટેલીવિઝન પર એક જીવિત વ્યક્તિ પ્રગટ થવાનો ભ્રમ પેદા કરી શકાય છે. આ ઉદાહરણથી પેલું આધારભૂત ક્વોન્ટમ ક્ષેત્ર ટેલીવિઝનના દર્શકોને અસ્તિત્વનો ભ્રમ પેદા કરાવવમાં સક્ષમ છે, કે જે 'અનાત્મબોધ' નો સાર છે, આ તથ્ય સમજવું સરળ થઇ જાય છે.

### નિષ્કર્ષ

ધર્મ અને વિજ્ઞાન બંને પ્રકૃતિના નિયમોનું પ્રતિપાદન કરે છે – એક મનુષ્યના અંતર્જગતને તો બીજું બાહ્ય જગતને લાગૂ પડે છે. બંનેમાં કોઇ વિરોધ હોઇ જ ન શકે. ગૈરી જુકાબ પોતાના પુસ્તકમાં લખે છે તેમઃ ''વિજ્ઞાનના સિદ્ધાંતો બૃહત્તર અભૌતિક ક્ષેત્રોમાં કાર્યરત અભૌતિક તંત્રની ભૌતિક વસ્તુઓ તથા ઘટનાઓના જગતમાં એક ઝલક માત્ર છે. જ્યારે વિજ્ઞાનને તથા તેની શોધખોળોને ''અનેકેન્દ્રિય મનુષ્ય,'' એવો માણસ જેની પહોંચ ઇન્દ્રિયોનાં ક્ષેત્રની બહારના બૃહત્તર ક્ષેત્રો સુધી છે – તેની બુદ્ધિ તથા ઉચ્ચ કોટિના તર્કના માધ્યમથી સમજવામાં આવે છે. ત્યારે તે એટલાં જ પરિપૂર્ણ લાગે છે જેટલાં આ જીવન સર્વત્ર–સદૈવ પ્રદર્શિત કરે છે. વિજ્ઞાન તથા વૈજ્ઞાનિક દષ્ટિકોણ જણાવે છે કે આપણે મનુષ્યો પોતાને સંપૂર્ણ વિશ્વના સંદર્ભમાં કઇ રીતે જોવાં જોઇએ. ન્યુટનની થિયરી મનુષ્યને એક એવી પ્રજાતિના રૂપમાં જૂએ છે જેને ખાતરી છે કે તે પોતાની બુદ્ધિના આધારે ભૌતિક વિશ્વને સમજી લેવાની ક્ષમતા ધરાવે છે; સાપેક્ષવાદ મનુષ્યને એક એવી પ્રજાતિના રૂપમાં જુએ છે જે પમસત્ય અને આપણા વ્યક્તિગત દષ્ટિકોણમાં શો સીમિત સંબંધ છે તેને જાણે છે; અને ક્વોન્ટમ થિયરી મનુષ્યને એક એવી પ્રજાતિના રૂપમાં જુએ છે જે પોતાની ચેતના તથા ભૌતિક વિશ્વના સંબંધને ધીરે ધીરે સમજી રહી છે.

એમાં કોઇ અતિશયોક્તિ નથી કે આધુનિક વિજ્ઞાનની ગહન સમજ વિકસાવવા માટે પોતાની ભીતર એક એવી આંતદષ્ટિ જગાડવાની આવશ્યક્તા છે જે પાંચ મૌલિક ઇન્દ્રિયોથી પ્રાપ્ત અનુભવો કરતાં અધિક પરિપૂર્ણ અનુભવ કરાવી શકે. સ્પષ્ટ છે કે 'અનેકેન્દ્રિય મનુષ્યની' આ વિકાસ યાત્રાને ત્વરિત કરવા માટે પ્રકૃતિના નિયમાનુસાર ધર્મનિષ્ઠ હોવું અત્યંત આવશ્યક છે. વિપશ્યનાના નિયમિત અભ્યાસથી આ સંભવ છે.

વિજ્ઞાન અને ધર્મના સંબંધને આલ્બર્ટ આઇન્સ્ટાઇનના સુંદર શબ્દોમાં ઉચિત રીતે દર્શાવી શકાય છે– ''ધર્મ વિના વિજ્ઞાન આંધળું છે કેમકે ધર્મ આપણને એ દષ્ટિ પ્રદાન કરે છે કે શું કરવું જોઇએ તથા વિજ્ઞાન આપણને એ ક્ષમતા પ્રદાન કરે છે જેથી આપણે એ નિર્દેશો (ધર્મના) અનુસાર કાર્ય કરી શકીએ.'' વિજ્ઞાનક્ષેત્રે થયેલા વિકાસે આપણને અત્યધિક ક્ષમતાઓ તથા શક્તિઓથી યુક્ત કરી દીધાં છે પરંતુ આ ક્ષમતાઓ આપણું ભલું કરે છે તેટલું જ બુરું પણ કરી શકે છે. આજે આવશ્યકતા એ છે કે આપણે આ શક્તિને સંપૂર્ણ મનુષ્યજાતિના હિતમાં વાપરીએ, કેમકે જો એવું નહિ થાય તો મનુષ્યજાતિ આ શક્તિના દુરુપયોગથી પોતાને જ નષ્ટ કરી દેશે.

આ ત્યારે સંભવે જ્યારે આપણે પોતાનું જીવન ધર્મનિષ્ઠ બનીને જીવીએ – શીલ સદાચારનું સતત પાલન કરીએ, સમાધિના અભ્યાસથી ઇન્દ્રિયોને પોતાના વશમાં કરતાં જઇએ અને પોતાના ચિત્તને 'વિપશ્યના' જેવી સુલભ વિદ્યાના અભ્યાસથી નિરંતર નિર્મળ કરતાં જઇએ.

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ''<br>C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧.<br>(0281) 2233666<br>78787 27240<br>(0281) 2924942<br>93279 23540<br>રજિસ્ટ્રેશન ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૦૦ થી ૭:૦૦<br>dhammakot@gmail.com | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા.<br>C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫<br>(02834) 273303, 273612, | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ<br>રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦<br>(02714) 294690,<br>(M) 94264 19397 | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા.<br>C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨.<br>(02762) 272800, 254634, 252345<br>(M) 94292 33000 | ''ધમ્મ અંબિકા''<br>૯૪૨૮૧ ૬૦૭૧૪<br>૯૮૨૫૦ ૪૪૫૩૬<br>૦૨૬૩૪-૨૯૧૧૦૦<br>૦૨૬૩૪-૨૯૨૫૨૧<br>:: સરનામું ::<br>નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., નેશનલ હાઈવે નં. ૮, બોરિયાચ ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર ગામ : વગલવાડ, તા.: ગણદેવી | : ધર્મજ :<br>(૦૨૬૯૭) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨<br>મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫<br>હેમંતભાઈ પટેલ |
|---|---|---|---|---|---|
| 22-01 to 02-02-14<br>05-02 to 16-02-14<br>19-02 to 02-03-14<br>**05-03 to 16-03-13**<br>**માત્ર પુરુષો માટે**<br>19-03 to 30-03-14<br>02-04 to 13-04-14 | **૧૦ દિવસીય શિબિરની માહિતી**<br>26-01 to 06-02-14<br>09-02 to 20-02-14<br>30-03 to 10-04-14<br>13-04 to 24-04-14<br>27-04 to 08-05-14<br>11-05 to 22-05-14 | 29-01-14 to 09-02-14<br>12-02-14 to 23-02-14<br>26-02-14 to 09-03-14<br>12-03-14 to 23-03-14<br>02-04-14 to 13-04-14<br>30-04-14 to 11-05-14<br>16-05-14 to 27-05-14 | 29-01-14 to 09-02-14<br>12-02-14 to 23-02-14<br>26-02-14 to 09-03-14<br>02-04-14 to 13-04-14<br>16-04-14 to 27-04-14<br>30-04-14 to 11-05-14<br>13-05-14 to 24-05-14 | 05-02 to 16-02-14<br>19-02 to 02-03-14<br>05-03 to 16-03-14<br>26-03 to 06-04-14<br>રજિસ્ટ્રેશન 0261-3260961 (૧૧થી ૫ દરમિયાન) | 19-02-14 to 02-03-14<br>19-03-14 to 30-03-14<br>12-04-14 to 23-04-14<br>21-05-14 to 01-06-14<br>11-06-14 to 22-06-14<br>09-07-14 to 20-07-14 |
| **એક દિવસીય શિબિર જૂના સાધકો માટે**<br>દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે ૮ થી ૪ | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે | : ઉના :<br>ગ્રુપ સીટીંગ<br>સવારે ૬:૩૦ થી ૭:૩૦<br>હરેશભાઇ જે. ટીલવાણી<br>૪૨, વ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ, ઉના. મો.: ૯૪૨૭૭ ૩૮૦૭૦ | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન''<br>૫-કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૩૯૦૦૨૦.<br>(0265) 2341181<br>(M) 94263 32180<br>E-mail : vvs04@ hotmail.com |

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે.**

## ધમ્મ અંબિકામાં થનાર એક દિવસીય જૂના સાધકોના સંમેલનની માહિતી

**તારીખ** : ૧૬–૨–૨૦૧૪, રવિવાર.

**સમય** : સવારે ૮:૩૦ કલાકે, રજીસ્ટ્રેશન અને ચા–નાસ્તાથી શરૂ કરી સાંજે ૫.૩૦ કલાકે સમાપન કરીશું.

**સ્થળ** : ધમ્મ અંબિકા. નેશનલ હાઈવે નં.૮, (મુંબઇ થી અમદાવાદ), બોરિયાચ ટોલ નાકાની પશ્ચિમે, ગામ વગલવાડ, તા. ગણદેવી, જી. નવસારી, દક્ષિણ ગુજ.

આ સંમેલનમાં આપણે સૌ સાથે સાધના કરીશું, વિપશ્યનાના આચાર્યો પાસેથી ધર્મની સમજ, ધર્મ સેવાના અપ્રતીમ લાભ વિશે માર્ગદર્શન મેળવશું તેમજ કેન્દ્રના ટ્રસ્ટીઓ પાસેથી ધમ્મ અંબિકાની વર્તમાન પ્રગતિ તેમજ ભવિષ્યના આયોજન વિશે જાણકારી પ્રાપ્ત કરીશું.

આ સંમેલનમાં દક્ષિણગુજરાતના સર્વ જૂના સાધકો, ગુજરાતના સર્વ આચાર્યો, વરીષ્ઠ સહાયક આચાર્યો, સહાયક આચાર્યો તેમજ ગુજરાતના બધા જ કેન્દ્રોના ટ્રસ્ટીઓને પધારવા ખાસ હાર્દિક આમંત્રણ છે.

આપણે સૌ સાધના અને સેવામાં ઉતરોત્તર પ્રગતિ કરતાં રહીએ એ જ મંગલ કામના...

**:: રજીસ્ટ્રેશન કરાવવા અંગેની માહિતી ::**

આપને તા. ૫–૨–૧૪ સુધીમાં રજીસ્ટેશન નીચે જણાવેલ ફોન નંબર અથવા ઇ–મેઈલ દ્વારા કરવા વિનંતી છે, જેથી વ્યવસ્થા સુગમતાપૂર્વક કરી શકાય.

સરનામુ : 'ધમ્મઅંબિકા', વિપશ્યના ધ્યાન કેન્દ્ર, ૧૦૨–વિતરાગ ચેમ્બર્સ, ૬/૧૪૦૭, થોભાશેરી, મહિધરપુરા, સુરત.

ફોન : ૦૨૬૧–૨૪૨૭૯૭૩, ૯૮૨૫૯૫૫૮૧૨, ૯૪૨૮૧૬૦૭૧૪

ઈ–મેઈલ : dhammaambikasurat@gmail.com

વેબીસાઇટ: www.ambikal.dhamma.org

## વિપશ્યના સાધકો જોગ...

ભરૂચ જીલ્લાના સાધકોની એક ડીરેક્ટરી તૈયાર કરવાની હોય, તથા તા. ૨–૩–૨૦૧૪ ના રોજ ધર્મ સંમેલનનું આયોજન કરવાનું નક્કી કરેલ છે. આપના તરફથી મળેલ ફોન નંબર, ઇ–મેઈલ એડ્રેસ, પોસ્ટલ એડ્રેસ ઉપર વિગતવાર કાર્યક્રમ જણાવી શકાય તે માટે નીચે દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર **SMS** દ્વારા અથવા ફોન કરી વિગત જણાવવા વિનંતી

મંગલ હો.....

**:: સંપર્ક ::**

**દિપકભાઇ**- મો.: ૯૮૨૪૧ ૫૯૦૬૮, **હર્ષાબેન ભટ્ટ**- મો.: ૯૯૦૯૯૫૨૯૦૭, **મોહંમદભાઇ જાડલીવાળા**- મો.: ૯૮૨૪૧૨૪૬૧૮ **અસ્મીતા રૂવાલા (ભરૂચ)** મો.: ૮૮૬૬૧૮૧૦૮૬

## ધમ્મકોટ પર આનાપાન મેડિટેશન અને વિપશ્યના પરિચય કાર્યક્રમ

જિજ્ઞાસુઓ માટે ધમ્મકોટ કેન્દ્ર પર આનાપાન મેડિટેશન અને વિપશ્યના પરિચય કાર્યક્રમ.

**તારીખ** : ૨ માર્ચ, ૧૩ એપ્રીલ ૨૦૧૪ રવિવાર.

**સમય** : સવારે ૧૦ થી બપોરે ૧ સુધી. કાર્યક્રમ સંપન્ન થયા બાદ ભોજન વ્યવસ્થા રાખેલ છે. ભોજન અને અન્ય વ્યવસ્થા યોગ્ય રીતે થઇ શકે તે માટે આગોતરા રજિસ્ટ્રેશન કરાવીને જ પધારશો.

**સંપર્ક** : – ૧. ધમ્મકોટ કેન્દ્ર : ૦૨૮૧ – ૨૯૨૪૯૨૪, મો.: ૯૩૨૭૯ ૨૩૫૪૦

### દોહા ધરમના

જબ તક નશ્વર જગત સે, રહે પ્રખર અનુરાગ ।
તબ તક બોધ ન જગ સકે, દુઃખી રહે હત ભાગ ॥

જો પ્રત્યક્ષ અનાત્મ હૈ, જો મૈં-મેરા નાંચ ।
ઉસકે પ્રતિ તાદાત્મ્ય રખ, રહે વિકલ અકુલાય ॥

પ્રતિપલ કાયા ચિત્ત કા, પ્રકટે પ્રબલ પ્રપંચ ।
પરમ સત્ય દીખે નહીં, ભવ-દુઃખ કટે ન રંચ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

### દોહા ધરમના

અહંકાર મમકાર સે, જબ તક મુક્ત ન હોય ।
તબતક ભવ-દુઃખ ચક્ર સે, સતત પ્રપીડિત હોય ॥

મૈં-મેરે કી ભ્રાંતિ સે, વિકલ રહે સબ કોય ।
વિપશ્યના કે યોગ સે, ભ્રાંતિ વિખંડિત હોય ॥

જાગે બોધ અનાત્મકા, હોવે સમ્યક જ્ઞાન ।
મૈં-મેરે કા ભ્રમ મિટે, તો પ્રગટે નિર્વાણ ॥

**સોલંકી મિકેનિક વર્ક્સ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 16 જાન્યુઆરી 2014** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2012-14
(Renewed upto 31.12.2014)

**Weighs less than 10 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ રોડ,
રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666
મોબાઈલ : 7878 7272 23
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org